# રવીન્દ્રનાથ :
# ભારતીય સંસ્કૃતિના ઉદ્‌ગાતા

રવીન્દ્રનાથના વ્યક્તિત્વનાં અનેક સમૃદ્ધ પાસાં છે. તે મહાન દેશપ્રેમી, સુધારક, કેળવણીકાર, આંતરરાષ્ટ્રીયતાવાદી વિચારક છે. પણ એમનો સાચો અને પૂરો પરિચય કરાવે એવો શબ્દ તો છે કવિદ્રષ્ટા - Visionary. તે સાહિત્યપુરુષ તો હતા જ - વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં ખેડાણ કરી ઊંચી સિદ્ધિઓ હાંસલ કરી છે, પણ તેમની બહુમુખી સર્જકપ્રતિભા સાહિત્ય ઉપરાંત સંગીત અને ચિત્રકલાનાં ક્ષેત્રોમાંય પરિસ્ફુટ થયેલી છે. 1882માં પ્રથમ ઉલ્લેખ યોગ્ય કાવ્યસંગ્રહ 'સંધ્યાગીત'થી શરૂ કરી 1942માં મરણોત્તર પ્રકાશન 'શેષલેખા' સુધી 49 જેટલા કાવ્યસંગ્રહોમાં કવિતા રવીન્દ્રનાથની 'દીર્ઘકાળની પ્રેયસી' બનીને રહી છે. માનવહૃદયની ભાગ્યે જ એવી કોઈ લાગણી હશે જેનો પ્રતિશબ્દ એમનાં કાવ્યોમાં ન ઊતર્યો હોય. સમગ્રપણે જોતાં ટાગોરની કવિતામાં ઉપનિષદની આધ્યાત્મિક ખોજ, સૌંદર્યની માવજત, વૈષ્ણવ કવિઓની રહસ્યભરી યોગઝંખના, બંગાળના મરમી બાઉલ, કવિઓનો દોસ્તભાવ વગેરે ઝિલાયું છે. એક આખીયે સંસ્કૃતિને જાણે પોતાનામાં સમાવી લેવાનું અને સૌંદર્યની પરિભાષામાં એનું હાર્દ પુનઃ પ્રકટ કરવાનું અહીં એક ઉત્તમ ઉદાહરણ મળે છે.

રવીન્દ્રનાથ ટાગોરનો જન્મ થયો ત્યારે ભારત બ્રિટિશરોના શાસન હેઠળ હતું. વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક યુગ હતો, છતાં ભારતદેશ રૂઢિઓ, અંધશ્રદ્ધા, જૂની પ્રણાલિકાઓથી ઘેરાયેલો હતો. જ્યારે તેમણે પૃથ્વી પરથી વિદાય લીધી ત્યારે ભારતની તાસીર પરિવર્તન પામી હતી, ભારતની પુનઃ શોધ - discovery અને આત્મસ્થાપના થઈ હતી. આ પરિવર્તનમાં અનેક પરિબળોએ કામ કર્યું હતું. વ્યક્તિગત રીતે જેમણે ભારતની સંસ્કૃત સર્જનાત્મક નિયતિ ઘડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો તેમાં સૌની મોખરે ગાંધીજી અને ટાગોર હતા.

અલબત્ત, 19મી સદીના પુનરુત્થાનમાં રાજા રામમોહનરાયથી શરૂ કરી અનેક મહાનુભાવો આ ઘડતરમાં કોઈ ને કોઈ રીતે પ્રાણસંચાર કરી રહ્યા હતા. છતાં ભારતના ઇતિહાસમાં ગાંધીજીનું પ્રદાન અનન્ય છે, ટાગોરનું પ્રદાન સૂક્ષ્મ અને ગહન છે. જે કામ રાજનીતિજ્ઞો નથી કરી શકતા તે કામ સર્જનાત્મક પ્રક્રિયાઓના ગુપ્ત અને સુપ્ત પ્રવાહોને ટાગોર ઊંડાણમાંથી બહાર લાવી વહેતા કરી ગયા છે. શિકાગોની જગતના ધર્મોની 1893ની પરિષદમાં વિવેકાનંદની ઝલક વર્તાય છે તેમ 1913માં નોબેલ પારિતોષિક પામતા ટાગોર હિંદને દુનિયાના સાંસ્કૃતિક નકશા પર મૂકી આપે છે.

પ્રાચીન ભારતની તપોવન સંસ્કૃતિનાં મૂલ્યો અને એ ચિરંતન મૂલ્યોની ખોજ એ તો આપણા મહાન કવિઓની પરંપરા છે. એમાં આવે વાલ્મીકિ, આવે વ્યાસ, પછી કાલિદાસ અને એ જ પરંપરામાં રવીન્દ્રનાથ. રવીન્દ્રનાથ આ ખોજની સર્જનાત્મક પ્રક્રિયામાં વારંવાર તપોવનના સમયમાં પહોંચી જાય છે, કાલિદાસના સમયમાં જવાની વાત તો તેમની 'સે કાલ' કવિતામાં તેમણે કહી છે : "આમિ જદિ જનમ નિતેમ કાલિદાસેર કાલે.' જો મેં કાલિદાસના સમયમાં જન્મ લીધો હોત તો... તો રાજા પાસેથી ઉજ્જયિનીના છેવાડાના ઉપવનથી ઘેરાયેલું ઘર માગી લેત. 'સ્વપ્ન' રચનામાં પણ કાલિદાસના એ સુવર્ણયુગમાં જવા ઝંખે છે. રવીન્દ્રનાથનું દર્શન આ પરંપરાનું દર્શન છે. ઉપરાંત, બ્રાહ્મસમાજી પિતા મહર્ષિ દેવેન્દ્રનાથ પાસેથી એમની સાધના વારસામાં મળી હતી એ પણ સદ્ભાગ્ય હતું.

ભારતની ખોજની પ્રક્રિયા શરૂ થાય છે પરોક્ષ રીતે એમની કવિતામાંથી. રવીન્દ્રનાથ કવિ છે, પોતાને કાવ્યમાં પ્રકટ કરે છે, વિચારોમાં નહીં. આ રચનાઓ એટલે 1900ની સાલમાં પ્રકટ થયેલી 'કથા ઓ કાહિની'ની કવિતા. પ્રાચીન ભારતની તપોવન સંસ્કૃતિ વિશેના વિચારો, વિભાવનાઓ, વ્યવહારો તો પછી પ્રકટ થતા બે દીર્ઘ નિબંધોમાં વ્યક્ત થાય છે - એક તે 1909માં આવેલો નિબંધ 'તપોવન' અને બીજો તે 1912માં પ્રકટ થયેલો 'ભારતવર્ષેર ઇતિહાસધારા.'

'કાહિની'નાં સંવાદકાવ્યો દ્વારા કવિ દર્શાવવા માગે છે કે, માનવીના અંગત સંબંધોમાં ધર્મ કે કર્તવ્ય એ નિર્ણાયક તત્ત્વ છે. 'કર્ણ-કુન્તી સંવાદ'માં કુન્તી કર્ણને મળે છે. 'કૌન્તેય' એવું સંબોધન કરી પછી કુન્તી એક માતા તરીકે વિનવણીઓ કરે છે. રવીન્દ્રનાથનો કર્ણ આ માને પણ બધું અર્પી દેવા તૈયાર છે, કેવળ પોતાના પૌરુષ સિવાય, પોતાના ધર્મ સિવાય, બીજું બધું જ. તે જણાવે છે કે સૂતજનનીને છેહ દઈને

*'રાજજનની રે માતા બલિ, કુરુપતિ કાછે બદ્ધ*
*છિન્ન કરે ધાઈ દિ રાજસિંહાસને*
*તબે ધિક્ મોરે...'*

'વિદાય-અભિશાપ'માં વિદ્યા મેળવી લઈ વિદાય થતાં કચને દેવયાની રોષમાં કહે છે કે, વિદ્યા લેવા તો આવ્યો હતો ચતુરાઈથી, તો પછી 'કેનો કોરિલે હરણ આમાર હૃદય?' પોતે કૃતકાર્ય થઈ, મને થોડી કૃતજ્ઞતા આપીને ચાલી જાય છે? ત્યારે કચ જવાબ આપે છે કે,

*'હા અભિમાનિની નારી*
*સત્ય શુને કી હઈબે સુખ?*
*ધર્મ જાને, પ્રતારણા કરિ નાઈ.'*

પોતાના સ્વર્ગ પ્રત્યેના કર્તવ્યધર્મને પ્રાધાન્ય આપે છે. 'ગાંધારીર આવેદન'માં પાંડવોને દ્યૂતમાં હરાવી અરણ્યવાસ આપતા વિજયી દુર્યોધનના અધર્મને પિતા ધૃતરાષ્ટ્રનો પુત્રસ્નેહ સાથ આપે છે, પરંતુ ગાંધારી? તે તો દુર્યોધનને ત્યજી દેવા કહે છે :

*પાપેર સંઘર્ષે યાર*
*પડિ છે ભીષણ શાણ ધર્મેર કૃપાણે.*

આવા મૂઢને ત્યજી ધર્મને સાચવોઃ

*ધર્મ, નહે સંપદેર હેતુ*
*મહારાજ, નહે સે સુખેર સેતુ*
*ધર્મેઈ ધર્મેર શેષ.*

સત્યના હૃદયે કરેલા દર્શનમાંથી પ્રામાણ્ય મેળવતો પદાર્થ તે ધર્મ, ધર્મમાં જ ધર્મનો અંત છે. આમ આ સંવાદ-કાવ્યોમાં કર્તવ્યના મૂલ્યની સ્થાપના છે.

'કથા'નાં કાવ્યોમાં તેમણે ઉપનિષદમાંથી, બૌદ્ધ કથાઓમાંથી મધ્યકાલીન સંતોના જીવનમાંથી, મરાઠા અને રાજસ્થાનના ઇતિહાસમાંથી પ્રસંગો લીધા છે. વીરતા અને સ્વાર્પણની, ઉદારતા અને સમન્વયવાદિતાની આ કથાઓ ભારતના મૂલ્ય-આધારિત ભૂતકાળની કથાઓ છે, અને તે કવિની રાષ્ટ્રપ્રીતિને પરોક્ષ રીતે આલેખે છે : કવિએ તેમાં 'હૃદયનું ધર્મદર્શન' કરાવ્યું છે, તેમાં એમની ઉદાર હિંદુ જીવનદૃષ્ટિ - unity in diversity - બહુવિધતામાં એકતાની સાધના - રહેલી છે. 'બ્રાહ્મણ' શીર્ષક ધરાવતી ઔપનિષદિક કથામાં વાત તો કરવી છે સત્યની, પણ કેવી વિશિષ્ટરૂપે તે પ્રકટે છે! સત્યકામ જાબાલિની કથા આપણને ખૂબ પરિચિત છે, સત્યકામ જાબાલિ ગુરુ ગૌતમના આશ્રમમાં જઈ તેમને બ્રહ્મવિદ્યા શીખવવા વિનંતી કરે છે, ત્યારે ગુરુ તેને તેનું ગોત્ર પૂછે છે. જાબાલિને એની ખબર નથી. તેની માને પૂછી બીજે દિવસે સવારે પાછો આવે છે. કહે છે કે માએ એમ કહ્યું કે, તું પતિ વિનાની જાબાલિને ખોળે જન્મ્યો છે - ગોત્રની ખબર નથી.

*અબ્રાહ્મણ ન હો તુમિ તાત,*
*તુમિ દ્વિજોત્તમ, તુમિ સત્યકુલજાત...*

આ શબ્દોમાં પ્રાચીન ભારતની ઉદાર દૃષ્ટિ પ્રતિબિંબિત થાય છે. ટાગોર જાણે દેશવાસીઓને કહેવા માગે છે કે, આ આપણો પ્રાચીન વારસો છે. જ્યાં બ્રાહ્મણ-અબ્રાહ્મણ એવો ભેદ ન હોય. જ્યાં સત્યની પ્રતિષ્ઠા હોય, આ વારસાથી ભારતનું ઘડતર કરવાનું છે. કાવ્યમાં આવતું આશ્રમનું ચિત્ર ટાગોરના તપોવન સંસ્કૃતિ પ્રત્યેના રાગને ઉદ્‌ઘાટિત કરે છે.

બૌદ્ધકથાઓ દ્વારા ભારતના મૂલ્યવાન વારસાને ઉઘાડી દે છે. સંગ્રહની શરૂઆતમાં જ ટાગોર કહે છે :

*હે મુનિ અતીત! કથા કઓ, કથા કઓ!*
*વિસ્મૃત યત નીરવ કાહિની, સ્થંભિત હયે બહો-*
*ભાષા દાઓ તારે...*
*તવ સંચાર શુનેછિ મર્મેર માઝખાને....*

એ અતીતના ભંડારની વાણીને ટાગોર ભાષામાં વહાવે છે. 'શ્રેષ્ઠ ભિક્ષા'માં શિષ્ય અનાથપિંડદ શ્રાવસ્તી નગરીમાં બુદ્ધ માટે ભિક્ષા લેવા નીકળ્યા છે. તે કશું લેતાં નથી, રત્નહારોય લેતા નથી. ત્યાં એક સ્ત્રી નગરને છેડે, ઝાડની આડશમાં ઊભી રહી દેહ પરનું એક વસ્ત્ર આપી દે છે, બુદ્ધ ચરણે 'સર્વસ્વ'નું સમર્પણ એ શ્રેષ્ઠ ભિક્ષા. 'સામાન્ય ક્ષતિ' (ક્ષતિ = નુકસાન)માં કાશીની રાણી પોતાના સુખ-સગવડ ખાતર ઝૂંપડાં સળગાવડાવી દે છે. નાનકડું ગામ ભસ્મીભૂત થાય છે. રાણીને એની કિંમત નથી, પણ રાજા પાસે ન્યાયનું સાચું મૂલ્ય છે. રાણીને નગર બહાર રાખી, મહેનત કરી કુટિરો ફરી બનાવવાનો આદેશ થાય છે. તો જ સમજાશે કે પેલું સામાન્ય નુકસાન નહોતું - એ જ રીતે 'પ્રતિનિધિ'માં સ્વામી રામદાસ શિવાજીને 'ભિક્ષુકનો પ્રતિનિધિ બન્યો છે માટે રાજ્ય લઈનેય તું રાજ્યવિહીન બની રહેજે' એમ કહી શિવાજીના અહમ્‌ને નિર્મૂળ કરાવે છે. 'અભિસાર'માં આમ તો કથાઘટક છે સંન્યાસી અને સુંદરીનું - ઉપગુપ્ત અને વાસવદત્તાની કથા છે, પણ આ સંન્યાસી મૂલ્યનિષ્ઠાને વરેલો છે, યૌવનમદમાં મત્ત બની નગરીની નટી અભિસારે નીકળે છે ત્યારે સંન્યાસીનો સમય આવ્યો નથી, પણ એ જ રૂપયૌવના રોગિષ્ઠ થતાં નગરવાસીઓ તેને નગર બહાર ધકેલે છે ત્યારે

*'આજિ રજનીતે હયે છે સમય*
*એસેછિ વાસવદત્તા'*

કહી ઉપગુપ્ત તેના પ્રત્યે સમભાવ દાખવી સેવા કરે છે. આમ પ્રાચીન ભારતીય મૂલ્યોનું - ગૌરવનું અનેક કાવ્યોમાં ટાગોર ગાન ગાય છે.

'પ્રાચીન સાહિત્ય'માંના નિબંધો પણ આ રીતે તપોવન સંસ્કૃતિને બિરદાવે છે - ઉત્તમ ઉદાહરણ છે કવિનો 'શકુંતલા' નિબંધ.

'નૈવેદ્ય' (1901) સંગ્રહના એક કાવ્યમાં કવિ સ્વતંત્ર ભારત વિશેની પોતાની ખેવના રજૂ કરે છે. અતીતના ગૌરવ પછી અહીં કવિ કહે છે : એવા સ્વર્ગમાં સ્વતંત્ર ભારતને, હે પ્રભુ જાગ્રત કર કે જ્યાં :

*ચિત્ત જેથા ભય શૂન્ય, ઉચ્ચ જેથા શિર...*
*(where the mind is free from fear...)*
*જ્ઞાન જેથા મુક્ત, જેથા ગૃહેર પ્રાચીર*
*આપન પ્રાંગણતલે દિવસ શર્વરી*
*વસુધારે રાખે નાઈ ખંડ ક્ષુદ્ર કરિ...*
*દિશે દિશે કર્મધારા થાય...*
*તુમિ સર્વ કર્મ-ચિંતા-આન્દેર નેતા...*
*ભારતેરે સેઈ સ્વર્ગે કરો જાગરિત*

ભારતીય સંસ્કૃતિની, એનાં મૂલ્યોની, આદર્શોની ઝાંયથી જ સ્વતંત્ર ભારત રચાવાનું હોય.

■

તપોવન સંસ્કૃતિ અને મૂલ્યોની વાત કરીએ છીએ ત્યારે 'તપોવન' નિબંધમાંથી થોડા વિચારો જોઈએ.

ઋષિઓએ ભારતવર્ષમાં દુર્ગમ બાધાઓ વટાવી અરણ્યને વસવા યોગ્ય બનાવ્યાં. પછી શહેરો નહોતાં થયાં એમ નહીં, પણ સાથોસાથ અરણ્યને સ્વીકારી લીધું હતું અને જંગલી લોકોનાં જે નિવાસસ્થાન હતાં તે જ ઋષિઓનાં તપોપન બની ગયાં હતાં. ભૂમાની ઉપલબ્ધિથી એ અરણ્યો પુણ્યસ્થાન બન્યાં. માણસની અંતરતર પ્રકૃતિની સાથે એ અરણ્ય પ્રકૃતિનું પવિત્ર મિલન સધાયું, એ વનની અંદર માણસે નિખિલ પ્રકૃતિની સાથે આત્માના મિલનનો જ શાંત સમાહિત ભાવે અનુભવ કર્યો છે. ભારતવર્ષની આ સાધનાને જ કવિ એકમાત્ર સાધના ગણે છે... ભારતવર્ષનું

સત્ય એટલે જ્ઞાનમાં અદ્વૈત તત્ત્વ, ભાવમાં વિશ્વમૈત્રી અને કર્મમાં યોગસાધના. ભારતના અંતરમાં જે ઉદાર તપસ્યા ગંભીર ભાવે સંચિત થયેલી છે તે જ તપસ્યા આજે હિંદુ, મુસલમાન, બૌદ્ધ અને અંગ્રેજને પોતામાં એકાકાર કરી લેવા માટે પ્રતીક્ષા કરી રહી છે...

■

શિક્ષણક્ષેત્રે ટાગોરનું સ્થાન મોખરાનું છે. 1901માં શાંતિનિકેતન શાળાની 'બ્રહ્મચર્યાશ્રમની' (એ નામ આપે છે -) સ્થાપના દ્વારા ભારતની તપોવનની સંસ્કૃતિમાંથી પોતાની શિક્ષણ વિશેની ફિલસૂફી સારવી લે છે. જીવનનાં છેલ્લાં ચાલીસ વર્ષો કવિએ ગ્રામીણ પ્રાકૃતિક પરિવેશમાં એક નમ્ર શિક્ષક તરીકે વિતાવ્યાં છે. થોડા જ વિદ્યાર્થીઓ સાથે તેમણે શિક્ષણક્ષેત્રે ભારતમાં સૌપ્રથમ પ્રયોગો આદર્યા હતા. શાળાનું શિક્ષણ કૉલેજના શિક્ષણ કરતાં વધારે અગત્યનું છે, બાળકની માતૃભાષા દ્વારા શિક્ષણ સહજતાથી આપી શકાય છે, લેખિત શબ્દ કરતાં પ્રવૃત્તિ દ્વારા અપાતું શિક્ષણ વધારે નક્કર - વાસ્તવિક હોય છે, માત્ર યાદદાસ્ત કરતાં મન અને સઘળી ઇન્દ્રિયોની કેળવણી બાળકની ક્ષમતાને અખિલાઈપૂર્વક વિકસિત કરે છે; સંસ્કાર અને સંસ્કૃતિ દેખીતી શૈક્ષણિક માહિતીથી અનેકગણી ભિન્ન વાત છે - આમ શિક્ષણવિષયક વિચારો એ સમયે દર્શાવી ટાગોરે તેને સાકાર કરવા શાંતિનિકેતનની શાળા અનેક પ્રયાસો અને પ્રયોગો કરી ભારતીય પરિવેશ અને સંસ્કૃતિને ઉજાગર કરી છે. ઘણાં વર્ષો પછી ગાંધીજી પાયાની કેળવણી અને હુન્નરઉદ્યોગ દ્વારા શિક્ષણની પદ્ધતિ અપનાવી શાળાઓ સ્થાપે છે. ગ્રામોન્નતિ અને ગ્રામોદ્ધારના પ્રયોગો ટાગોરે પહેલાં તેમની શિલાઈદહની જમીનદારીના ખેડૂતો-રૈયત સાથે અને પછી આ જ હેતુથી સ્થાપેલી 'શ્રીનિકેતન' સંસ્થામાં શરૂ કર્યા હતા. ટાગોરે માત્ર 'શાંતિનિકેતન' અને 'શ્રીનિકેતન' સંસ્થાઓ જ સ્થાપી હોત તો પણ તેમનું નામ રાષ્ટ્રના ઘડવૈયાઓમાં એક સંસ્કારપુરુષ તરીકે નોંધાયું હોત.

બ્રહ્મચર્યાશ્રમની શિક્ષણપદ્ધતિ તે ભારતની સાંસ્કૃતિક પરંપરાને અનુરૂપ પદ્ધતિની શોધ છે. અહીં શ્રેષ્ઠ શિક્ષક 'પ્રકૃતિ' છે, વૃક્ષો

નીચે ભણતા વિદ્યાર્થીઓ છે. તે સાથે તેઓ વર્તમાન સાથે પણ સંલગ્ન રહે છે. ત્યાં વિજ્ઞાનનું શિક્ષણ, સંગીત અને લલિતકલાઓ હતી. વિશ્વભારતી યુનિવર્સિટીની સ્થાપના આપણી જ ધરતીમાં મૂળિયાં ધરાવે છે. શિક્ષણની પ્રક્રિયા સર્જનાત્મક, આનંદપ્રદ બને એવી શાળા શરૂ કરે છે, પ્રાચીનનો નવા યુગ સાથે સમન્વય રચે છે, પશ્ચિમે ઉઘાડેલાં દ્વારમાંથી આવેલાં જ્ઞાનવિજ્ઞાનનું સ્વાગત કરે છે અને તેમ છતાં, અંધ અનુસરણ નથી. કવિ યંત્રસંસ્કૃતિ વિશે સાશંક તો છે જ, પરંતુ જ્ઞાનના એ પ્રકાશમાં પ્રાચીન સંસ્કૃતિનું સમ્યક્‌પણે આકલન કરે છે. શાંતિનિકેતન અને વિશ્વભારતીમાં શિક્ષણકાર રવીન્દ્રનાથનું ભારતદર્શન વ્યાપ્ત છે.

દર બુધવારે રવીન્દ્રનાથ શાંતિનિકેતનના પ્રાર્થનામંદિરમાં (-જેમાં કોઈ મૂર્તિની સ્થાપના નથી-) પ્રવચનો કરતા, એ પ્રવચનોનું સંકલન તે 'શાંતિનિકેતન' પુસ્તક એમ નગીનદાસ પારેખે લખ્યું છે. 'ગીતાંજલિ'માં જે ગીતરૂપે વહે છે તે અહીં પ્રવચનરૂપે સહજ રીતે વહે છે. ભારતીય દર્શનપરંપરાનું, ઉપનિષદોનું, કવિનું પરિશીલન આ વાણીમાંથી પ્રતિધ્વનિત થાય છે અને વળી એ દર્શન કવિદર્શન સાથે ગૂંથાઈ જાય છે. રવીન્દ્રનાથ રૂઢ અર્થમાં દાર્શનિક નથી. અહીં શુષ્ક તત્ત્વજ્ઞાન નથી, ચિત્તને તૃપ્ત કરતી બોધાત્મકતા છે, જેથી આનંદબોધનો અનુભવ થાય છે. પહેલા જ પ્રવચનમાં ઉપનિષદનો ઉદ્‌ઘોષ સંભળાય છે - 'ઉત્તિષ્ઠત, જાગ્રત'- ચિરંતન સત્યને પામવા ચેતનાને સતત જાગ્રત રાખવાની છે. અહમ્‌ને ઓગાળવાની વાત બીજા એક પ્રવચનમાં આવે છે જે 'ગીતાંજલિ'ના એક ગીત સાથે સામ્ય ધરાવે છે :

*આમાર માથા નત કરે દાઓ હે*
*તોમાર ચરણધુલાર તલે...*
*સકલ અહંકાર હે આમાર*
*ડૂબાઓ ચોખેર જલે...*

'ભૂમા' શીર્ષકવાળા નિબંધમાં ઔપનિષદિક સત્યની વાત છે : વિરાટને જાણવામાં જ સત્ય રહેલું છે :

*ભૂમા એવ સુખમ્ ।*
*ભૂમા તુ એવ વિજિજ્ઞાસિતવ્યઃ*
*ભૂમા એવ સુખમ્ ।*
*ના અલ્પે સુખમસ્તિ...*

એ રીતે સૌંદર્યના આનંદને ભક્તિની નજરે જોવાની વાત 'સુંદર' નિબંધમાં છે - સુંદરમાં ભૂમાની સાથે માણસનું મિલન શક્ય બને છે. 'ગીતાંજલિ'ના બીજા એક કાવ્યમાં કવિ લખે છે :

*એઈ જીવને સુંદરેર પેયેછિ મધુર આશીર્વાદઃ*
*અને વળી,*
*માનુષેર પ્રીતિપાત્રે પાઈ*
*તાઁરિ સુધાર આશીર્વાદ...*

'ગીતાંજલિ' પર્વનાં કાવ્યો અને આ પ્રવચનો વચ્ચે એક પ્રકારનું ભાવસામ્ય જોવા મળે છે - ભારતીય દર્શન પરંપરાનું.

1905ની બંગભંગ ચળવળ અને સ્વદેશી આંદોલનમાં રવીન્દ્રનાથ સક્રિયપણે સંકળાયા હતા. દેશપ્રેમ જગાડવા અને લોકોને રાષ્ટ્રને સમર્પિત થવા પ્રેરતાં ગીતો, સ્તુતિગીતો રચ્યાં હતાં. બહુ જ જાણીતાં બે ગીતો : 'ઍકલા ચલો રે, યદિ' તોર ડાક શૂને કેહો ના આસે, તો ઍકલા ચલો રે' અને 'ભાબના કરે ચલબે ના.' મહાદેવ દેસાઈના આ ગીતોના અનુવાદ 'એકલો જાને રે' અને 'ચિંતા કરે ચાલશે ના' આપણે ત્યાં પ્રસિદ્ધ છે. એ સમયે કવિએ ભારતદર્શન તો કર્યું હતું, પરંતુ જ્યારે સ્વદેશી આંદોલને વિકૃત સ્વરૂપ લીધું ત્યારે કવિ તેનાથી નિર્ભ્રાન્ત થયા અને ખસી ગયા, પણ આપણે યાદ રાખીએ કે આ દરમિયાન ને પછી એમની સર્જકપ્રતિભા, 'ગીતાંજલિ'ની રચનાઓને રચવામાં મગ્ન હતી. અને તે સાથે પેલું ભારતદર્શન, ભારતની શોધ પણ ચાલુ જ હતી. એમની મહાકાવ્યાત્મક કૃતિ 'ગોરા'ની રચનામાં (પ્રકાશિત–1909-10) લેખકે સમય લીધો છે 19મી સદીનો ઉત્તરાર્ધ - 1857નો સિપાઈઓનો બળવો થયો હતો. લેખકે ગોરાને એમ.એ. થયેલા ઉત્સાહી યુવાન તરીકે આલેખ્યો

છે એટલે પરિવેશ છે દેશનો 1885 આસપાસનો, આપણે ત્રિભેટે ઊભેલાં છીએ : હિંદુ-બ્રાહ્મ સંઘર્ષ, ભારતવાસી-અંગ્રેજીનું 'સાહેબ કલ્ચર' અને એક આખો આચારમૂલક સમાજ, રાષ્ટ્ર-સમાજ-ધર્મના પારસ્પરિક સંબંધો, આવા મંથનકાળમાં રવીન્દ્રનાથ સાચા ભારતીયની ઓળખ કરાવવા-કરવા ધારે છે. અને એ ઓળખ આપણને નવલકથાના છેલ્લાં પૃષ્ઠોમાં મળે છે. ગૌરમોહન નાયક-ગોરા - આયરિશ માતા-પિતાનું સંતાન છે, જેની એને ખબર નથી. નવલકથામાં ગોરા તો જે કશું હિંદુ-હિંદુત્વવાદી છે તેનો અઠંગ પુરસ્કર્તા રહ્યો છે. 19મી સદીના સંકુચિત હિંદુનું એ સાક્ષાત્ સ્વરૂપ છે. અનેક જીવનાનુભવો અને જુદી જુદી પરિસ્થિતિઓમાંથી પસાર થયા પછી ગોરા ઉદાર હિંદુ જીવનદષ્ટિ, સર્વ સમન્વયાત્મક ભારતનું સાચું દર્શન પામે છે. ગોરાના ચિત્તમાં ચાલતી પ્રક્રિયાને, પરિવર્તનશીલતાને લેખકે સૂક્ષ્મતાથી આલેખી છે. અંતિમ ભાગમાં તેના પાલક પિતા રહસ્ય છતું કરતાં કહે છે : “મારા મરણ પછી મારું શ્રાદ્ધ કરવાનો તને અધિકાર નથી... તું હિંદુ નથી...” અને તે સાથે જ તેને નવું દર્શન મળે છે. તે એકદમ જ પરેશબાબુ પાસે પહોંચી જાય છે. તે કહે છે : “પરેશબાબુ, હું હિંદુ નથી... આજે હું મુક્ત છું... આજે હું ભારતવર્ષીય છું! મારી અંદર આજે હિંદુ-મુસલમાન કે ખ્રિસ્તી કોઈ સમાજનો કોઈ વિરોધ નથી. આજે ભારતવર્ષની બધી જાતિ મારી જાતિ છે... પરેશબાબુ તમારી જ પાસે એ મુક્તિનો મંત્ર છે... આજે તમે મને એ દેવતાનો મંત્ર આપો, જે હિંદુ-મુસલમાન, ખ્રિસ્તી અને બ્રાહ્મણ સૌના દેવતા છે...” ગોરા હવે માનવધર્મનો પૂજારી બને છે. નવલકથાના અંતે મા આનંદમયીનાં ચરણોમાં માથું મૂકી તે કહે છે :

“મા, તું જ મારી મા છે, જે માને હું બરાબર શોધતો હતો તે તો મારા ઘરમાં જ આવીને બેઠેલી હતી. તને નાત નથી, જાત નથી, ઊંચનીચનો વિચાર નથી, તું કેવળ કલ્યાણની પ્રતિભા છે, તું જ મારું ભારતવર્ષ છે.”

આનંદમયી ભારતવર્ષનો પર્યાય બની જાય છે. ગોરાનું દર્શન જ્ઞાતિ-જાતિમાં વિભાજિત એવું હિંદુદર્શન હતું, ખંડદર્શન હતું. એમાંથી સમગ્રના સ્વીકારનું એક અખંડ દર્શન પામે છે, જેના કેન્દ્રમાં મનુષ્ય છે, રવીન્દ્રનાથનો આ માનવતાવાદી ઉદાર દૃષ્ટિકોણ છે. ઉમાશંકર જોશીના શબ્દો યાદ આવે “True Indianness transcends India.” ભારતની મૂલ્યઆધારિત પ્રાચીન સમૃદ્ધ પરંપરામાં જે ‘હિંદુ’ જીવનદૃષ્ટિ કે રાષ્ટ્રપ્રીતિ છે તેમાં આ દર્શનનાં મૂળ છે; જે સત્ય પામવાનું છે તે વૈશ્વિક, જાગતિક ધરાતલ પરથી પામવાનું છે; રવીન્દ્રનાથનું દર્શન એકાએક થતા સાક્ષાત્કાર જેવું નથી, તે આમ ઉત્ક્રાંત થતું રહ્યું છે.

‘ગોરા’ની રચના ‘ગીતાંજલિ’નાં કાવ્યોની રચનાની સાથે ચાલે છે; ‘ગોરા’ 1910માં પ્રકટ થાય છે. આપણે જોયું કે ટાગોરનું ભારતદર્શન કે રાષ્ટ્રપ્રેમ રાષ્ટ્રની સીમાઓને વળોટીને, ઓગાળી દઈને, વિશ્વપ્રેમમાં પરિણમે છે. ‘ગીતાંજલિ’નું કાવ્ય ‘ભારતતીર્થ’ આ દર્શનના નિષ્કર્ષ રૂપ ઉતમ નિદર્શન છે. ભારતવર્ષને કવિ તીર્થ કહે છે; ભારતના મહામાનવોના સાગરતીરે બધી પ્રજાઓએ એકસાથે ઉપસ્થિત રહેવાનું આહ્વાન છે :

***હે મોર ચિત્ત, પુણ્ય તીર્થે જાગો રે ધીરે***
***એઈ ભારતેર મહામાનવેર સાગરતીરે...***

જેમ સાગરમાં બધી નદીઓ ભળી જાય તેમ આ તીર્થમાં બધી કેટલીયે જાતિઓ - શક, હૂણ, પઠાણ, મોગલ, ચીનાઓ, દ્રવિડો - અહીં ભળી ગઈ છે. પશ્ચિમે આજિ ખુલિયા છે દ્વાર. સૌ મળશે અને મેળવશે. આ ભારતમાતાના તીર્થનો અભિષેક - ‘માતૃ અભિષેક’ છે, એમાં આવવા સૌને નિમંત્રણ છે :

***એસો હે આર્ય, એસો અનાર્ય, હિન્દુ મુસલમાન***
***એસો એસો આજ તુમિ ઇંગ્રાજ એસો એસો খ્રીસ્ટાન***
***એસો બ્રાહ્મણ શુચિ કરિ મન ધરો હાત સબાકાર***
***એસો હે પતિત, કરો અપનીત સબ અપમાન ભાર***

*માર અભિષેકે એસો એસો ત્વરા*
*મંગલઘટ હય નિ એ ભરા, સબાર-પરશે-પવિત્ર-કરા તીર્થનીરે*
*આજિ ભારતેર મહામાનવેર સાગરતીરે....*

આ અભિષેક માટેનું જળ સૌના સ્પર્શથી પવિત્ર થયેલું હશે. બધી સીમાઓને અતિક્રમીને બધાંયને સાદ પાડ્યો છે. આ છે કવિનો આંતરરાષ્ટ્રીયવાદી, સમન્વયવાદી દૃષ્ટિકોણ. એ વાત સાચી કે જ્યારે તે આ 'યત્ર વિશ્વં ભવતિ એક નીડમ્'નો અંદેશો લઈ આવ્યા, દેશવિદેશમાં ભ્રમણ કર્યાં, ત્યારે બળબળતા રાષ્ટ્રવાદી વિચારોની જ્વાળામાં એમના શબ્દો રણમાં વેરેલાં બી જેવા હતા. છતાં તેમણે 'શાંતિનિકેતન'માં આંતરરાષ્ટ્રીય વિચારવિનિમય કેન્દ્ર સ્થાપ્યું હતું. પશ્ચિમનાં રાષ્ટ્રોને સાચા ભારતનું દર્શન કરાવ્યું, પૂર્વને સમજવા બારી ઉઘાડી આપી હતી. બીજી તરફ પોતાના દેશની અંધશ્રદ્ધા, ધાર્મિક-સામાજિક કુરિવાજો, અન્યાય-અસમાનતાની ટીકા કરી હતી, અને સ્પષ્ટ કર્યું હતું કે, પૂર્વ-પશ્ચિમે એકબીજાને ઉપકારક/પૂરક બનવાનું છે. સાચા ભારતીય હોવું એટલે વિશ્વનાગરિક હોવું તે છે.[1]

---

*1. ગુજરાત સાહિત્ય અકાદમી અને આંકલાવ કૉલેજ, આંકલાવના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલા કવિ રવીન્દ્રનાથ પરના પરિસંવાદમાં તા. 9-3-2011ના રોજ આપેલું વક્તવ્ય.*

# પદ્માકાંઠાની પત્રમર્મર

રવીન્દ્રનાથ જીવનમાં 28-30 વર્ષની ઉંમર સુધી સ્વપ્નિલ દુનિયામાં રહ્યા હતા. બાલ્યકાળમાં અલબત્ત, નોકરોના બંધને એમને ઘણા વ્યાકુળ કરેલા, પણ પછી મોટા ભાઈઓની અને પિતાશ્રીની છાયામાં સ્વતંત્ર, મુક્ત જીવન જીવવા લાગેલા; એમના ભ્રમણશીલ મનને પ્રવાસો કરવાના પણ અવસર સહજ રીતે મળી શક્યા હતા, પણ 1889માં મહર્ષિ દેવેન્દ્રનાથે તેમને પરિવારની બહોળી જમીનદારીની જવાબદારી સંભાળી લેવા માટે જણાવ્યું. કવિ માટે આ એક આઘાતજનક બાબત હતી. વ્યવસાય કે હિસાબકિતાબ વગેરેથી તે તદ્દન અપરિચિત તો હતા, પણ સાથે જ તેમનામાં તે માટેની રુચિનો પણ સંપૂર્ણ અભાવ હતો. તેમને થયું કે પોતાના કવિ-જીવનને જાણે કે આ જવાબદારી લેતાં ભારે મોટો વ્યાઘાત નડશે. તેમ છતાં પિતાનો આદેશ માનીને તે કારભાર સંભાળવા જવાનું થયું જ. કલકત્તાથી અને જોડાસાંકો જેવા ઘરના સાહિત્ય-કલા-સંગીતમય પરિવેશમાંથી જમીનદારી પરના ગ્રામજીવન, ગ્રામપ્રજા, ખેડૂતો વચ્ચે રહેવામાં શરૂઆતમાં અકળામણ પણ અનુભવેલી, પરંતુ વાસ્તવમાં આ સઘળી દહેશત એક જુદા જ સર્જનાત્મક રૂપમાં પરિણમી.

જમીનદારીનો વહીવટ સંભાળવા પદ્મા નદીના કિનારા પરના પ્રદેશોમાં જ્યારે તે નૌકામાં ફરતા રહ્યા ત્યારે તેમણે સાચા બંગાળને નિહાળ્યું, ત્યાંની પ્રજાનો સીધો સંપર્ક પામ્યા અને એમનો બંગાળ માટેનો રાગ ગાઢ બનતો ગયો; આ અનુભવોએ એમની સર્જનાત્મકતાને એક વેગ આપ્યો. શિલાઈદહ અને કાલિગ્રામ આ જમીનદારીનાં મુખ્ય સ્થળો હતાં તથા એની શાખાઓ શાજાદપુર, કુરિયા, પતિસરમાં હતી (આ પ્રદેશ હવે બાંગલાદેશમાં છે). મુખ્ય સ્થળ પર રહેવા માટે મોટું નિવાસસ્થાન હતું, જેને 'કુઠીબાડી' કહેતા, પણ રવીન્દ્રનાથ તો મોટા ભાગે વધારે બોટમાં જ રહેતા હતા, બોટને 'પદ્મા' નામ પણ એમણે જ આપેલું. આ સ્થળોએથી

તેમણે પરિવારજનોને પત્રો લખ્યા છે, કેટલાક પત્રો કલકત્તાથી પણ લખાયા છે, પણ પરિવેશ તો પદ્માકાંઠાનો રહે છે. તેમની ભત્રીજી ઇન્દિરાદેવીને તેમણે ઘણા પત્રો લખેલા. ઇન્દિરાદેવીએ એ બધા જ પત્રો પોતાના સુંદર અક્ષરોમાં નોટબુક્સમાં બે નકલ કરી સાચવી રાખેલા. રવીન્દ્રનાથે એ 252 પત્રોમાંથી પસંદ કરી, સંપાદિત કરી/કાપકૂપ કરી 134 પત્રો 1912માં 'છિન્નપત્ર' શીર્ષકથી પ્રકટ કરાવેલા. પછી 1961માં કવિની જન્મશતાબ્દી સમયે બધા પૂરા પત્રો 'છિન્નપત્રાવલિ' શીર્ષકથી પ્રકટ થયેલા.

રવીન્દ્રનાથની ખ્યાતિ કવિ તરીકે, પછી નવલકથાકાર કે વાર્તાકાર કે નાટકકાર તરીકે પ્રસરેલી છે. આ સ્વરૂપોમાં સર્જનાત્મક સાહિત્યમાં વાત એક સર્જકની રીતે વ્યંજનામાં પ્રકટ થાય છે, પણ તે સીધા જ અન્ય વ્યક્તિ સાથેના સંપર્કરૂપે - encounter રૂપે પ્રકટ થાય છે તેમના અસંખ્ય પત્રોમાં, નિબંધોમાં. જેમ તેમણે બે હજાર ગીતો લખ્યાં છે તેમ અનેક વ્યક્તિઓ સાથે અનુસંધાન કર્યું છે. હજારો પત્રોથી - 'ચિઠિપત્ર' શીર્ષકથી આ બધા પત્રો સચવાયા છે, પણ આ પત્ર-સાહિત્યમાં તેમણે ત્રીસ-બત્રીસની વયે ઇન્દિરાદેવીને લખેલા પત્રો આજે એક શતાબ્દી પછી પણ એટલા જ તાજગીભર્યા લાગે છે.

કવિના સૃજનકાળમાં આમેય આ સમય (1891થી 1900) વિપુલ સાહિત્યલેખનનો છે. ગલ્પ-ગુચ્છની વાર્તાઓ, કાવ્યસંગ્રહો - 'સોનાર તરી', 'કલ્પના', 'ક્ષણિકા', નાટક 'ચિત્રાંગદા', 'કથા ઓ કાહિની'ની પ્રાચીન ભારતીય સંસ્કૃતિ-ઇતિહાસ પર આધારિત કથાઓ, ઉપરાંત ભારતીય સંસ્કૃતિ અને ભારતદર્શનનું ચિંતન પણ આ સમયગાળામાં જ. વહીવટ કરતાં કરતાં બધું રચાતું જતું, પ્રકટ થતું જતું. ઇન્દિરાદેવીને લખેલા પત્રો ખરેખર તો પ્રકટ થવા નહોતા લખાયા અને તે વર્ષો સુધી અપ્રકટ જ રહ્યા હતા. 'છિન્નપત્રાવલિ'ના તે પત્રો રવીન્દ્રનાથના લલિત ગદ્યની એક અનુપમ સૃષ્ટિ છે. તો બીજી તરફ બંગાળી ગદ્યના ઇતિહાસમાં એક મહત્ત્વનો માર્ગસૂચક સ્તંભ છે. પ્રકટ થવાના છે એવી કોઈ સભાનતા વિના, નિજાનંદે

લખાયેલા આ પત્રોમાં ઉષ્માભરી આત્મીયતા છે, તેની અંતરંગતા, નર્મમર્મ અને વિનોદથી તે એકદમ સ્પર્શી જાય છે. એક વ્યક્તિને સંબોધીને લખાયા હોવા છતાં તેમાંથી સાર્વજનીન સૌંદર્ય પ્રસ્ફુટિત થાય છે. પદ્માકિનારે ખુલ્લા આકાશ તળે પ્રકૃતિના સંનિવેશમાં રહેતા યુવાન કવિની સૌંદર્ય-ચેતના પત્રે પત્રે વ્યક્ત થઈ છે.

એક પત્રમાં કવિ લખે છે : “My letters are the points of the images thrown on my mind’s wet-plate.” ભમતાં ભમતાં બોટની બારીમાંથી જોયેલાં ગામડાંના પરિસરનાં ઘણાં દૃશ્યો તેમનાં મનની ‘Photographic wet-plate પર ઝિલાય છે. કવિએ પોતાની અસ્ફુટ સદ્ય અંકુરિત સંવેદનાઓને સ્પષ્ટ વાણીરૂપ આપ્યું છે પત્રોમાં. ગ્રામજનો, ખેડૂતો, માછીમારો - ગ્રામજીવન, વહેતાં નદી-ઝરણાં, સવાર-બપોર-સાંજની અવનવી રમણીયતા, નિ:સીમ આકાશ, પરિવર્તિત થતી ઋતુઓની મોહકતા, પદ્મા નદી અને તેનો કિનારો - આ બધુંય જોતાં લાગણીઓ, પ્રતિભાવો, વિચારધારાઓ સહજતાથી તત્કાળ પત્રોમાં આલેખાઈ છે. કવિની આંતરિક ચેતનાની છબી વાચક સમક્ષ જીવંત બને છે. બંગાળની નદી-સંસ્કૃતિનો એક નવો જ ચિત્રલોક નજર સામે ઊભો થાય છે.

પ્રસિદ્ધ બંગાળી સાહિત્યકાર બુદ્ધદેવ બસુ લખે છે : “આટલી પ્રાણથી ઉચ્છલ, એકસાથે આટલી વ્યક્તિગત અને આટલી સાર્વજનિક, આટલી ચિરનવીન અને હંમેશ વાંચવાયોગ્ય પત્રશ્રેણી રવીન્દ્રનાથે પણ બીજી વાર રચી નથી. કલ્પના, હાસ્યરસ, મનસ્વિતા, અનુચિંતનનો આવિષ્કાર અને બહારના જગતનું વાસ્તવ તથ્ય, આંખથી જોવાનું અને મનોમન વિચારવાનું - આ બધુંય ‘છિન્નપત્ર’માં છે અને તેની સાથે છે બીજી એક વ્યાપ્ત સત્તા જેનું નામ ‘બંગાળદેશ’, એ સિવાય બીજું કંઈ આપી શકું નહીં. ઋતુ નદી અને તૃણતરુમય બંગાળની ગ્રામપ્રકૃતિ, તેની કાંતિ, ગંધ અને આર્દ્રતા લઈને આ પુસ્તકના શબ્દો એવી રીતે આપણી ઇન્દ્રિયો પર છાઈ જાય છે કે ‘છિન્નપત્ર’ નામનું ઉચ્ચારણ કરતાં જ બંગાળની એક માનસમૂર્તિ આપણે જોઈ શકીએ છીએ.”

*આમાર સોનાર બાંગલા, આમિ તોમાય ભાલોબાસિ*
*ચિરદિન તોમાર આકાશ તોમાર બાનાસ,*
*આમાર પ્રાણે બાજાય બાઁશિ*

કહેનાર રવીન્દ્રનાથના હૃદયમાં બંગાળ અને બંગાળી ભાષાનું અનન્ય સ્થાન હતું જ, તેના માટે અસીમ પ્રેમ હતો, આ ભાવ જમીનદારીના વહીવટ દરમિયાન લોકોની વચ્ચે આવવાથી વધુ ઉત્કટ બન્યો અને તેમની સર્જકતા સાહિત્ય-સ્વરૂપોના અનેક સ્રોતોમાં નિર્બદ્ધપણે વહેવા લાગી.

આ પત્રોમાં કવિએ સામે ઊઘડતાં અને પોતે જોયેલાં પદ્માકાંઠા પરનાં ભિન્ન ભિન્ન ચિત્રોને અંકિત કરી દીધાં છે, તો બીજી તરફ ઇન્દિરાની સહૃદય ગ્રહણશીલતાનો વારંવાર ઉલ્લેખ થતો રહે છે. પત્રસાહિત્યની જેમ અન્ય સાહિત્ય-પ્રકાર આ રીતે અનિવાર્યપણે અંતરંગ અને અન્ય હૃદયનિર્ભર હોતો નથી. પત્રલેખક અને પત્ર પ્રાપ્ત કરનાર વચ્ચે એક અદશ્ય સૂક્ષ્મ સંવાદિતા છે તે આપણે જોઈ શકીએ છીએ.

ગ્રામીણ બંગાળના કવિના નિવાસ દરમિયાન તેમની કુદરત સાથેની અંતરંગતા દઢ થતી ગઈ છે. કુદરતમાં આકાશની વ્યાપકતા અને નદીની ગતિશીલતા માટેનો કવિનો પ્રેમ કેટલાય પત્રોમાં જુદી જુદી રીતે પ્રકટ થાય છે. આકાશ માટેની એમની તૃષ્ણા એટલી તો તીવ્ર હતી કે તે વારંવાર પત્રોમાં આલેખાય છે, એ પુનરાવર્તનને કારણે જ તેમની અભિવ્યક્તિ સાર્થક બને છે. એક પત્રમાં તે લખે છે :

***“મને પ્રકાશ અને આકાશ બહુ ગમે છે. ગેટેએ મૃત્યુ સમયે કહ્યું હતું:***

***‘More Light!’ મારે જો એ સમયે કોઈ ઇચ્છા પ્રકટ કરવાની હોય તો હું કહું: ‘More Light and more Space!”***

નાનપણમાં મુક્ત વાતાવરણ અને મોકળાશ માટેની કવિની ઝંખનાએ તેમનામાં શાળાશિક્ષણ પ્રત્યે વિમુખતા આણી હતી. એ ઝંખનાને વ્યક્ત કરતાં આ પત્રમાં તેમણે ગેટેને યાદ કરી લીધા છે.